## નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ અમદાવાદ બેન્ચ સમક્ષ
## સીએ (સીએએ) નં. 61/2021

કંપનીઝ એક્ટ, 2013 ના મામલે

અને

કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 230-232 અને અન્ય લાગુ પડતી જોગવાઈઓના મામલે

અને

દર્શક ફિનસ્ટોક પ્રાઈવેટ લિમિટેડના મધુ સિલિકા પ્રાઈવેટ લિમિટેડ સાથેની સ્કીમ ઓફ અમાલ્ગમેશનના મામલે

**મધુ સિલિકા પ્રાઈવેટ લિમિટેડ**
(સીઆઈએન: U24299GJ1987PTC010073)
કંપનીઝ એક્ટ, 1956 હેઠળ સ્થપાયેલી કંપની જેની રજિસ્ટર્ડ ઓફિસ પ્લોટ નં. 147, જીઆઈડીસી એસ્ટેટ, વરતેજ ગામ, જિલ્લો: ભાવનગર-364060, ગુજરાત રાજ્યમાં આવેલી છે : અરજદાર ટ્રાન્સફરી કંપની

### મધુ સિલિકા પ્રાઈવેટ લિમિટેડના ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓની અલગ મીટિંગ અંગેની નોટિસ અને જાહેરાત

દર્શક ફિનસ્ટોક પ્રાઈવેટ લિમિટેડની મધુ સિલિકા પ્રાઈવેટ લિમિટેડ સાથેની સ્કીમ ઓફ અમાલ્ગમેશન અંગે વિચારણા કરવા અને જો યોગ્ય જણાય તો સુધારા સહિત કે તે વગર મંજૂર કરવા માટે નામદાર નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેન્ચ (એનસીએલટી) દ્વારા ગત તારીખ 23 ઓગસ્ટ, 2021 ના રોજ કરાયેલા આદેશ અનુસાર મધુ સિલિકા પ્રાઈવેટ લિમિટેડ (અરજદાર તબદિલકર્તા કંપની)ના ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓની અલગ બેઠકો યોજવા અંગે નોટિસ આપવામાં આવે છે.

ઉપરોક્ત આદેશના અનુપાલન અને સાથે વંચાણે લેવાનારા કંપની બાબતોના મંત્રાલયનો તા. 8 એપ્રિલ, 2020નો પરિપત્ર નં. 14/2020, તા. 13 એપ્રિલ, 2020નો પરિપત્ર નં. 17/2020, તા. 5 મે, 2020નો પરિપત્ર નં. 2/2020, તથા તારીખ 30 ડિસેમ્બર, 2020 નું નોટિફિકેશન નં. જીએસઆર 806 (ઈ)માં કરાયેલા નિર્દેશ અનુસાર આથી નોટિસ આપવામાં આવે છે કે અરજદાર કંપનીના ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓની અલગ મીટિંગ્સ અનુક્રમે, શુક્રવાર, 12 નવેમ્બર, 2021ના રોજ સવારે 11 કલાકે અને 3 કલાકે વીડીયો કોન્ફરસન્સિંગના માધ્યમથી પ્રત્યક્ષ ઉપસ્થિતિ વગર યોજવામાં આવશે. અરજદાર કંપનીના ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓને તેમાં હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે.

નિર્દિષ્ટ સ્કીમ ઓફ અમાલ્ગમેશન, કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 230 હેઠળ એક્સપ્લેનેટરી સ્ટેટમેન્ટ, અરજદાર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ અને / અથવા વકીલ સુશ્રી સ્વાતી સોપારકર, 301, શિવાલિક, 10 એસબીઆઈ ઝોનલ ઓફિસ સામે, એક્સાઈઝ ચોકી નજીક, એસ.એમ. રોડ, અમદાવાદ, 380015, ગુજરાત ખાતેથી નિઃશુલ્ક મેળવી શકાશે. મીટિંગ્સ વીડિયો કોન્ફરસિંગ (વીસી) અને અન્ય દ્રશ્ય શ્રાવ્ય માધ્યમો (ઓવીએએમ) દ્વારા બોલાવાયેલી હોવાથી પ્રોક્સીને તેમાં ભાગ લેવાની કે મતદાન કરવાની મંજૂરી નથી.

નિર્દિષ્ટ મીટિંગમાં હાજર રહેવાના અને મતદાન કરવાના અધિકાર ધરાવતી વ્યક્તિઓ વ્યક્તિગત રીતે અથવા અધિકૃત પ્રતિનિધિના માધ્યમથી મતદાન કરી શકશે. અધિકૃત પ્રતિનિધિ અંગેની વિગતો તથા માન્ય સત્તાધિકારની વિગતો ભાવનગર ખાતે અરજદાર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં સંબંધિત મીટિંગ્સના 48 કલાક પહેલાં જમાં કરાવાઈ હશે તો જ અધિકૃત પ્રતિનિધિ મીટિંગમાં હાજર રહી શકશે કે મતદાન કરી શકશે.

એનસીએલટી દ્વારા સીએસ ઉમેશ વેદ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી અને તેમના અનુપસ્થિત રહેવાના સંજોગોમાં સીએસ દેવેશ ખંડેલવાલ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને 12 નવેમ્બર, 2021 ના રોજ યોજાનારી નિર્દિષ્ટ મીટિંગ્સ અને કોઈ એડજર્નમેન્ટ અથવા એડજર્નમેન્ટ્સ માટે ચેરમેન તરીકે નિમવામાં આવ્યા છે. ઉપરોક્ત મીટિંગ્સમાં જો સ્કીમ ઓફ અમાલ્ગમેશનને મંજૂરી અપાશે તો તે અન્ય નિયામક સત્તામંડળોની મંજૂરીને અધિન તથા એનસીએલટીની મંજૂરીને અધિન રહેશે.

આથી અરજદાર કંપનીના સંબંધિત ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓને વધુ નોટિસ આપવામાં આવે છે કે :

(1) એનસીએલટી દ્વારા કરાયેલા 23 ઓગસ્ટ, 2021ના રોજ કરાયેલા આદેશ અને કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 230 (4) અને સાથે વંચાણે લેવાનાર કલમ 108 ની જોગવાઈઓ અનુસાર ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓ દ્વારા રિમોટ ઈ-વોટિંગના માધ્યમથી મતદાન દ્વારા અને / અથવા ઈ-વોટિંગના માધ્યમથી ઉપરોક્ત નોટિસમાં નિર્ધારિત કામકાજ હાથ ધરાશે. કંપની ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ લિમિટેડ ('સીડીએસએલ')ના ઈ-વોટિંગ પ્લેટફોર્મ મારફતે રિમોટ ઈ-વોટિંગ માટે સુવિધા પૂરી પાડી રહી છે. રિમોટ ઈ-વોટિંગ માટે જરૂરી સૂચનાઓ 29 સપ્ટેમ્બર 2021 ની તારીખની નોટિસમાં દર્શાવવામાં આવી છે.

(2) કંપની પાસે જે ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓના ઈમેલ એડ્રેસ ઉપલબ્ધ હતાં તે તમામને તારીખ 7 ઓક્ટોબર 2021 ના ઈમેલમાં એનસીએલટી નિર્દિષ્ટ મીટિંગ્સ અંગેની નોટિસ મોકલવામાં આવી છે, તથા જે શેરધારકો અને ધિરાણકર્તાઓના ઈમેઈલ એડ્રેસ રજિસ્ટર્ડ નહોતા તેમને તેમના રજિસ્ટર્ડ સરનામે નોટિસની નકલ તા. 8 ઓક્ટોબર 2021 મોકલવામાં આવી છે.

(3) રિમોટ ઈ-વોટિંગ 12 ઓક્ટોબર 2021ના રોજ સવારે 09.00 થી શરૂ થશે અને મતદાનના સમયગાળા દરમિયાન 15 સપ્ટેમ્બર, 2021 સુધીમાં નોંધાયેલા કંપનીના ઈક્વિટી શેરધારકો અને અનસિક્યોર્ડ ધિરાણકર્તાઓ રિમોટ ઈ-વોટિંગના માધ્યમથી મતદાન કરી શકશે. રિમોટ ઈ-વોટિંગ મારફતે 11 નવેમ્બર 2021ના રોજ સાંજે 5:00 પછી મતદાનની મંજૂરીઆપવામાં આવશે નહીં ત્યારબાદ મતદાન માટે સીડીએસએલ દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને નિષ્ક્રિય કરવામાં આવશે.

(4) નોટિસ જારી કરાયા બાદ કંપનીના શેરહોલ્ડર અથવા લેણદાર બનેલા અને બેઠકની તારીખના રોજ શેરહોલ્ડિંગ અને/ અથવા બાકી દેવું ધરાવનારી વ્યક્તિ સંબંધિત બેઠકોમાં તેમનો મતાધિકારનો ઉપયોગ કરી શકશે.

(5) રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ શેરહોલ્ડર બેઠકમાં ભાગ લઈ શકશે, પરંતુ બેઠક સમયે ફરીથી મતદાન કરી નહીં શકે.

(6) એનસીએલટી દ્વારા બોલવાયેલી મીટિંગ્સની તારીખ 29 સપ્ટેમ્બર ની નોટિસ સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ લિમિટેડ (સીડીએસએલ)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. www.evotingindia.com અને કંપનીની વેબસાઈટ https://madhusilica.com. પર ઉપલબ્ધ છે.

(7) બેઠકની સમાપ્તિ બાદ તપાસકર્તા, તરફેણમાં પડેલાં અથવા તેની વિરુદ્ધમાં પડેલા મત, જો કોઈ હોય તો તેનો સંકલિત તપાસ અહેવાલ બેઠકના અધ્યક્ષ અથવા તેમના દ્વારા અધિકૃત વ્યક્તિને સોંપશે. પરિણામો અરજદાર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં પ્રદર્શિત કરવામાં આવશે, અને અરજદાર કંપનીની વેબસાઈટ "https://madhusilica.com" પર સ્ક્રુટિનીયરના અહેવાલ સાથે પ્રદર્શિત કરવામાં આવશે.

(8) રિમોટ ઈ-વોટિંગ અંગે કોઈ ફરિયાદના સંજોગોમાં સભ્યો સીડીએસએલના શ્રી મહેબુબ લખાણી નો નિર્દિષ્ટ ઈમેલ આઈડી evoting@cdslindia.com પર અથવા ટેલિફોન નંબર 022- 23058543 પર સંપર્ક કરી શકે છે. રિમોટ ઈ-વોટિંગ સંદર્ભે વધુ ફરિયાદના સંજોગોમાં શેરધારકો, "http://www.evotingindia.com માં હેલ્પ વિભાગ હેઠળ દર્શાવાયેલા ફ્રીકવન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે. અથવા તો evoting@cdslindia.com પર ઈમેલ કરી શકે છે.

(9) એનસીએલટીના નિર્દેશ મુજબ સંબંધિત બેઠકો સમયે ઈક્વિટી શેરહોલ્ડર્સ અને અનસિક્યોર્ડ લેણદારોના રિમોટ ઈવોટિંગ તથા મતદાનની ચકાસણી કરવા માટે મે. સુથાર એન્ડ સુરતીના શ્રી શર્વિલ સુથાર, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની સ્ક્રુટિનાઈઝર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

સહી/-
સીએસ ઉમેશ વેદ
મીટીંગ્સ માટે નિમાયેલા ચેરમેન

સ્થળ : ભાવનગર
તારીખ : ૦૯-૧૦-૨૦૨૧